પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૧ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર; ભાદરવા વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# ચિંતા : વૈશ્વિક મંદીનું વર્લ્ડ બેન્કનું અનુમાન

## વર્લ્ડ બેન્કના રિપોર્ટે ચિંતા વધારી: ૨૦૨૩માં ગ્લોબલ અર્થવ્યવસ્થા મંદીનો શિકાર થઈ શકે છે : મંદીથી ઘેરાવાની ભવિષ્યવાણી કરનારા દિગ્ગજ અર્થશાસ્ત્રીઓનું લાંબુ લિસ્ટ

વોશિંગ્ટન, તા.૨૦

શુ મંદીના ભણકારા ઝડપથી વાગી રહ્યા છે? છેલ્લા અમુક સમયથી મંદીને લઈને આશંકાઓ વર્તાવાઈ રહી હતી તે હવે નક્કર સ્વરૂપ લેતી જોવા મળી રહી છે.

વર્લ્ડ ઈકોનોમીના મંદીથી ઘેરાવાની ભવિષ્યવાણી કરનારા દિગ્ગજ અર્થશાસ્ત્રીઓની લિસ્ટ લાંબી થતી જોવા મળી રહી છે અને હવે વર્લ્ડ બેક્નની એક રિપોર્ટ ચિંતા ઉભી કરી રહી છે. રિપોર્ટ અનુસાર સમગ્ર દુનિયાના કેન્દ્રીય બેક્ર જે રીતે વ્યાજદર વધી રહી છે તેનાથી ૨૦૨૩માં ગ્લોબલ અર્થવ્યવસ્થા મંદીનો શિકાર થઈ શકે છે.

મંદીના ડરએ નોકરિયાત લોકોમાં વધુ ડર ઊભો કર્યો છે કેમ કે તેમના મગજ પરથી અત્યાર સુધી કોવિડના સમયની છંટણીની યાદો ભૂંસાઈ નથી. આર્થિક પેકેજના નામે ખર્ચ, ચીનમાં કોવિડ પ્રતિબંધોથી સપ્લાય ચેનને પહોંચેલા નુકસાન અને યુક્રેન પર રશિયાના હુમલાઓએ પેટ્રોલ-ડીઝલ અને ખાદ્યાન્નની મોટી કિંમતોને દાયકાઓની ઊંચાઈ સુધી પહોંચાડી દીધી છે.

અમેરિકી કેન્દ્રીય બેક્ર ફેડરલ રિઝર્વથી લઈને, બેક્ર ઓફ ઈંગ્લેન્ડ, જાપાની કેન્દ્રીય બેક્રએ મોંઘવારીને કાબૂ કરવા માટે વ્યાજદરોને વધારવાની તૈયારી કરી લીધી છે. ચીનના કેન્દ્રીય બેક્રએ વ્યાજ દર વધારવાની તૈયારી તો કરી નથી પરંતુ તેણે વ્યાજદરોમાં ઘટાડો રોકી દીધો છે.

વ્યાજદરોને વધારવાથી કંપનીઓ અને સામાન્ય ગ્રાહકો બંને માટે લોન મોંઘી થઈ જાય છે. કંપનીઓ પોતાના વિસ્તરણને રોકી દે છે અને સામાન્ય ગ્રાહક ખર્ચ ઓછા કરવા લાગે છે. આનાથી

● અનુસંધાન પાન-૭ પર

# રાજકીય પક્ષોને રોકડ ફંડની મર્યાદા ઘટાડવા માટે ચૂંટણી પંચનો પ્રસ્તાવ

## રોકડ ફંડ ૨૦ હજારથી ઘટાડીને બે હજાર કરવા પ્રસ્તાવ

નવી દિલ્હી, તા.૨૦

ચૂંટણી પંચે પ્રસ્તાવ આપ્યો છે કે, રાજકીય પક્ષો માટે એક વખતમાં મળનાર રોકડ ફંન્ડિંગની મર્યાદા ૨૦,૦૦૦ રૂપિયાથી ઘટાડી ૨,૦૦૦ રૂપિયા કરવામાં આવે. તથા કુલ ફંડમાં રોકડની મર્યાદા અધિકતમ ૨૦% અથવા ૨૦,૦૦૦ સુધી મર્યાદિત કરવામાં આવે જેથી ચૂંટણી ફંન્ડિંગને કાળાધનથી મુક્ત કરી શકાય.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કેન્દ્રીય કાયદા પ્રધાન કિરેન રિજિજુને પત્ર લખીને લોક પ્રતિનિધિત્વ કાયદામાં કેટલાક સુધારાની ભલામણ કરી છે. તેમણે કહ્યું કે, પંચની ભલામણોનો હેતુ રાજકીય પાર્ટીઓને ફંડ આપવાની પ્રણાલીમાં સુધારો અને પારદર્શિતા લાવવાનો છે. કમિશને આ પગલું ત્યારે ઉઠાવ્યું છે જ્યારે તેણે તાજેતરમાં જ રજિસ્ટર્ડ લિસ્ટમાંથી એવી ૨૮૪ પાર્ટીઓને હટાવી દીધી છે જેઓ નિયમોનું પાલન નહોતી કરી રહી હતી. આવકવેરા વિભાગે તાજેતરમાં કરચોરીના આરોપસર આવા અનેક રાજકીય એકમોના ઠેકાણા પર દરોડા પાડ્યા હતા.

સૂત્રોનું કહેવું છે કે, ચૂંટણી પંચે રાજકીય પક્ષોને એક વખતના રોકડ દાનની મહત્તમ મર્યાદા ૨૦ હજાર રૂપિયાથી ઘટાડીને ૨ હજાર રૂપિયા કરવાની હિમાયત કરી છે. હાલના નિયમો પ્રમાણે રાજકીય પાર્ટીઓએ ૨૦,૦૦૦ રૂપિયાથી વધુનું તમામ દાન જાહેર કરવું પડશે. આ અંગેનો અહેવાલ પંચ સમક્ષ રજૂ કરવાનો રહેશે. સૂત્રોએ જણાવ્યું કે, જો આયોગના આ પ્રસ્તાવને કાયદા મંત્રાલયની મંજૂરી મળી જાય તો ૨૦૦૦ રૂપિયાથી વધુના તમામ દાનની જાણ રાજકીય પક્ષોને કરવી પડશે જેનાથી પારદર્શિતા વધશે. સૂત્રોએ જણાવ્યું કે, જો આયોગના આ પ્રસ્તાવને કાયદા મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવે તો ૨૦૦૦ રૂપિયાથી વધુના તમામ દાનની જાણ રાજકીય પક્ષોને કરવી પડશે જેનાથી પારદર્શિતા વધશે. કમિશને એવી પણ ભલામણ કરી છે કે કોઈપણ રાજકીય પક્ષ દ્વારા મળેલા કુલ દાનના મહત્તમ ૨૦% અથવા ૨૦ કરોડ રૂપિયા રોકડ હોવી જોઈએ. ચૂંટણી પંચ એવું પણ ઈચ્છે છે કે, ચૂંટણી દરમિયાન ઉમેદવારોએ ચૂંટણી માટે એક અલગ બેંક ખાતું ખોલાવવું જોઈએ.

# નેપાળમાં પૂરનો પ્રકોપ યથાવત્

નવી દિલ્હી,તા.૨૦





નેપાળના પહાડો પર પડી રહેલો વરસાદ તરાઈના બહરાઈચમાં મુશ્કેલીનું કારણ બની રહ્યો છે. રવિવારે સરયુના વધેલા જળસ્તરના કારણે કૈસરગંજ, મહસી, નાનપારા આંશિક અને મોતીપુરમાં પૂરે વિનાશની શરૂ કરી હતી. નદી જરવાલ રોડમાં ૬૧ સેન્ટીમીટર અને મહસીમાં ૨૧ સેન્ટીમીટરના નિશાના પરથી વહી રહી હતી. જોકે સોમવારે નદીના જળસ્તરમાં મોટો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે ગામડાઓમાંથી પૂરના પાણી વહેવા લાગ્યા હતા. છેલ્લા ૪૮ કલાકમાં પડેલા મુશળધાર વરસાદ અને નેપાળથી આવેલા વરસાદી પાણીએ યુપીના બહરાઈચ જિલ્લામાં ભારે તાબાહી કરી છે. જિલ્લાના મોતીપુર, નાનપારા, મહસી અને કૈસરગંજની ૫૦ ગ્રામ પંચાયતોના ૮૦ ઘરોમાં પાણી ભરાયા છે. ગ્રામીણોનો આરોપ છે કે અત્યાર સુધીમાં તાલુકા પ્રશાસન તરફથી કોઈ પણ પ્રકારનું બચાવ કાર્ય કરવામાં આવ્યું નથી.

નેપાળના પહોડા પર થઈ રહેલા વરસાદે બરાઈચમાં ભારે મુશ્કેલી સર્જી છે. રવિવારે સરયૂના વધેલા જળસ્તરે કૈસરગંજ, મહસી, નાનપારા આંશિકા અને મોતીપુર તાલુકામાં ભારે વિનાશ કર્યો હતો. નદી જરવલ રોડમાં ૬૧ સેન્ટીમીટર અને મહસીમાં ૨૧ સેન્ટીમીટરના ખતરાના સ્તર પરથી વહી રહી હતી. વરસાદ પછી કૌડિયાલા નદી હવે ભરથાપુર ગામ માટે મુશ્કેલી બની છે. જોકે કૌડિયાલા નદીનું લેવલ હવે ધીરે-ધીરે ઘટવા લાગ્યું છે. ભારે વરસાદના કારણે ખેડૂતોનો પાક ડૂબી ગયો હતો. ભારે વરસાદના કારણે ખેડૂત પરમાનન્દની ૧૫ વીધા, દીનાનાથની ૧૨ વીધા, રામાનંદ યાદવની ૪ વીધા જમીનમાં પાણી ફરી વળ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# નોઈડામાં ૧૦૦ મીટર લાંબી બાઉન્ડ્રી વોલ પડતાં ચારનાં મોત

## નોઈડાના સેક્ટર ૨૧માં જળવાયુ વિહારની ઘટના : આ બાઉન્ડ્રી વોલ ૧૦૦ મીટર લાંબી હતી, કાટમાળ નીચે દટાયેલાઓને બચાવવાની કામગીરી જારી

નોઈડા, તા.૨૦

ગૌતમબુદ્ધનગર જિલ્લાના સેક્ટર ૨૧ સ્થિત પોશ વિસ્તારમાં એક બાઉન્ડ્રી વોલ પડવાથી ૪



લોકોના મોત થઈ ગયા છે જ્યારે અન્ય લોકો કાટમાળમાં દટાયા હોવાની સૂચના મળી છે. હાલમાં એનડીઆરએફ અને ૪ જેસીબીની સહાયતાથી રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસ હાઈકમાન્ડ ઘટના સ્થળ પર પહોંચ્યા છે. નોઈડાના સેક્ટર ૨૧માં જળવાયુ વિહારની આ ઘટના છે. ફાયર બ્રિગેડ વિભાગની ગાડીઓ પણ ઘટના સ્થળે પહોંચી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ બાઉન્ડ્રી વોલ ૧૦૦ મીટર લાંબી હતી. આશંકા છે કે અકસ્માતમાં મૃત્યુઆંક વધી શકે છે. એનડીઆરએફ, પોલીસ પ્રશાસન અને ફાયર બ્રિગેડની મદદથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ઉચ્ચ અધિકારીઓની સાથે ડોક્ટરો અને એમ્બ્યુલન્સ પણ સ્થળ પર હાજર છે. મૃત્યુ પામેલા લોકોની ઓળખ પપ્પુ, પુષ્પેન્દ્ર, પન્ના લાલ અને અમિત તરીકે થઈ છે. તમામ મૃતકો યુપીના બદાઉન જિલ્લાના જણાવવામાં આવી રહ્યા છે.

ડીએમ સુહાસ એલવાયએ જણાવ્યું કે ક્લાઈમેટ બિહાર એપાર્ટમેન્ટના ગટરના રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે આ બાઉન્ડ્રી વોલ ધરાશાયી થઈ ગઈ. અત્યાર સુધીમાં ચાર લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. જિલ્લા હોસ્પિટલમાં બે અને કૈલાશ હોસ્પિટલમાં બે મૃત્યુ નોંધાયા છે. ૯ ઘાયલોની સારવાર ચાલી રહી છે. બચાવ કામગીરી ચાલુ છે. ડીએમએ કહ્યું કે આ ઘટના કેમ બની, તેની તપાસ કરવામાં આવશે. તેમણે કહ્યું કે નોઈડા ઓથોરિટી દ્વારા કોન્ટ્રાક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. ગટરની ઈંટો હટાવતી વખતે આ અકસ્માત સર્જાયો હતો.

# શશી થરૂર- અશોક ગહેલાત કોંગ્રેસ પ્રમુખની રેસમાં

## પાર્ટીમાં ચૂંટણી માટે નામાંકનની પ્રક્રિયા ૨૪ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે



નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસ પ્રમુખની ચૂંટણી માટે નામાંકન શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આવી સ્થિતિમાં ઉમેદવારોને લઈને સ્થિતિ કંઈક અંશે સ્પષ્ટ થઈ રહી છે. જોકે, વાયનાડના સાંસદ રાહુલ ગાંધી મેદાનમાં ઉતરશે કે નહીં? તે હજુ સ્પષ્ટ નથી. બીજી તરફ જી-૨૩ નેતાઓમાં સામેલ રહેલા શશિ થરૂર આ પદ પર દાવો રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગાંધી પરિવારના નજીકના ગણાતા અશોક ગેહલોત પણ રેસમાં આગળ છે. થરૂર ચૂંટણી લડે તેવી પ્રબળ શક્યતાઓ છે. જોકે, તેમણે આ અંગે પોતાની સ્થિતિ સ્પષ્ટ નથી કરી. તાજેતરમાં તેઓ વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધીને મળવા પહોંચ્યા હતા. બેઠક દરમિયાન તેમણે પાર્ટીના પ્રમુખને અધ્યક્ષ પદ માટે ચૂંટણી લડવાની ઈચ્છા વિશે જણાવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, સોનિયા તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે, તે કોઈ ઉમેદવારને ખાસ સમર્થન નહીં આપે. મહત્વની વાત એ છે કે, તિરુવનંતપુરમના સાંસદ પણ અધ્યક્ષની ચૂંટણીમાં પારદર્શિતાને લઈને અવાજ ઉઠાવી રહ્યા છે.

# સત્તા આપણા માટે માધ્યમ છે, લક્ષ્ય સેવા છે : મોદી

## મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ભાજપના મેયરોની સભાને સંબોધન કર્યું : આગામી ૨૫ વર્ષ માટે ભારતના શહેરી વિકાસનો એક રોડ મેપ બનાવવામાં આ સંમેલનની મોટી ભૂમિકા હોવાનું કહ્યું

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા ભાજપના મેયરોની સભાને સંબોધન કર્યું. દરમિયાન પીએમ મોદીએ ભાજપ મેયરો સમક્ષ વિકાસનો પ્લાન મૂક્યો.

વડાપ્રધાન મોદીએ કહ્યુ કે આઝાદીના અમૃતકાળમાં આગામી ૨૫ વર્ષ માટે ભારતના શહેરી વિકાસનો એક રોડ મેપ બનાવવામાં આ સંમેલનની મોટી ભૂમિકા છે. આપણે રાજકારણમાં માત્ર ગાદી પર બેસવા આવ્યા નથી. સત્તામાં બેસવા આવ્યા નથી. સત્તા આપણા માટે માધ્યમ છે. લક્ષ્ય સેવા છે. સુશાસન દ્વારા કયા પ્રકારે આપણે જનતાની સેવા કરી શકીએ છીએ તે માટે આપણે કામ કરીએ છીએ.

ભાજપનુ રાષ્ટ્રીય મેયર સંમેલન ગાંધીનગરમાં થઈ રહ્યુ છે. રાષ્ટ્રીય મેયર સંમેલનમાં પીએમ મોદીએ કહ્યુ કે સરદાર વલ્લભભાઈ પટેલએ મેયર તરીકે



પોતાની સફર શરૂ કરી. આપણે એક શ્રેષ્ઠ ભારત માટે તેમના બતાવેલા માર્ગ પર ચાલીશુ અને આના વિકાસ માટે કામ કરીશુ.

તમામ મેયરોએ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસનુ પાલન કરવુ જોઈએ. સરદાર સાહેબે નગર પાલિકામાં કામ કર્યા તેને આજે પણ ખૂબ સન્માનથી યાદ કરવામાં આવે છે. તમારે પણ પોતાના શહેરોને તે સ્તરે લઈ જવાના છે જેથી આગામી પેઢીઓ

● અનુસંધાન પાન-૭ પર

# જૌહર યુનિ.માં ખોદકામ કરાતા પાલિકાનું સફાઈ મશીન મળ્યું

## પોલીસે આઝમખાન, અબ્દુલા આઝમ સહિત સાત લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી

રામપુર , તા.૨૦

ફરી એક વખત સમાજવાદી પાર્ટીના કદાવર નેતા આઝમખાનની મુશ્કેલી વધી ગઈ છે. સોમવારે આઝમખાનની જૌહર યુનિવર્સિટીની અંદર રામપુર જિલ્લા તંત્રનું બુલડોઝર પહોંચ્યું હતું. પોલીસે આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લા આઝમના સમર્થકોના કહેવા પર જૌહર યુનિવર્સિટીમાંથી ખોદકામ કર્યા બાદ રામપુર નગરપાલિકાનું સફાઈ મશીન મેળવ્યું હતું જે યુનિવર્સિટીમાંથી મળ્યા બાદ હંગામો મચી ગયો છે. આ મામલે પોલીસે આઝમખાન, અબ્દુલા આઝમ સહિત ૭ લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી છે. સપા સરકારમાં સફાઈ કરવા માટે કરોડો રૂપિયાનું મશીન નગરપાલિકા રામપુરે ખરીદ્યુ હતું. બીજી તરફ જ્યારે ૨૦૧૭માં બીજેપીની સરકાર આવી અને મશીન શોધ્યું તો જાણવા મળ્યું કે, તે મશીન યુનિવર્સિટીની અંદર કાપીને ડાટી દેવામાં આવ્યું હતું. તે મશીનને સોમવારે પોલીસે ખોદકામ બાદ મોળવ્યું હતું. જૌહર સુનિવર્સિટીમાં થયેલી આ કાર્યવાહી વિશે જણાવતા એડિશનલ એસપી સંસાર સિંહે જણાવ્યું કે, જુગારના આરોપમાં બે આરોપી પકડાયા હતા તેમાંથી એકનું નામ સાલિમ છે અને બીજાનું નામ અનવાર છે.

# આરએસએસ નેતા શ્રીનિવાસનની હત્યા કેસમાં આબોકર સિદ્દિકીની ધરપકડ

## કેરળના પીએફઆઈ નેતા આબોબકર સિદ્દિકની પાલક્કડમાંથી ધરપકડ કરવામાં આવી

તિરવનપુરમ,તા.૨૦

કેરળના પીએફઆઈ નેતા આબોબકર સિદ્દિકની આરએસએસ નેતા શ્રીનિવાસનની હત્યાના કેસમાં પાલક્કડમાંથી ધરપકડ કરવામાં આવી છે. સિદ્દિકી અને અન્ય પીએફઆઈ કાર્યકર્તાઓ પર રાજકારણીઓને ટાર્ગેટ કરવા અંગેનું લિસ્ટ તૈયાર કરવાનો આરોપ છે. પ્રાપ્ત માહિતી મુજબ એસ કે શ્રીનિવાસન નામના ૪૫ વર્ષના આરએસએસ કાર્યકર અને ભૂતપૂર્વ પદાધિકારી પર પાંચ સભ્યોની ટોળકી દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ટોળકી પલક્કડમાં ભાજપના ગઢ ગણાતા મેલામુરીમાં તેમની ટુ-વ્હીલરની



દુકાનમાં ઘૂસી ગયા હતા. પોલીસે જણાવ્યા અનુસાર હુમલાખોરોએ તેમની મોટરસાઈકલ શ્રીનિવાસનની દુકાનની બહાર પાર્ક કરી હતી. તલવારો લઈને આ પૈકીના ત્રણ દુકાનમાં ઘૂસી ગયા અને શ્રીનિવાસન પર ઘણી વખત હુમલો કર્યો હતો. બાદમાં તેઓ મોટરસાઈકલ લઈને ત્યાંથી ભાગી ગયા હતા. સીસીટીવી ફૂટેજમાં શંકાસ્પદ હુમલાખોરો ત્રણ મોટરસાઈકલ પર શ્રીનિવાસનની દુકાનની બહારની ગલીમાં પહોંચતા દેખાઈ રહ્યા છે. શુક્રવારે બપોરે પીએફઆઈના એલાપુલ્લી વિસ્તારના પ્રમુખ એ સુબેરની મસ્જિદની બહાર હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ સુબેર અને તેના પિતા મોટરસાઈકલ પર હતા ત્યારે તેમને એક વાહને ટક્કર મારી હતી. તેના કારણે તેઓ રસ્તા પર પડયા હતા. રસ્તા પર પડી ગયા પછી બીજા વાહનમાંથી કેટલાક માણસોએ

# બ્રિટનમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે તણાવ : ૧૬ પોલીસકર્મી ઘાયલ

## લંડન સ્થિત ભારતીય હાઈ કમિશને હિન્દુ સમુદાય વિરુદ્ધ હિંસા અને તોડફોડની ઘટનાની નિંદા કરી

નવી દિલ્હી,તા.૨૦

બ્રિટનમાં હેટક્રાઈમના કેસ અટકવાનું નામ જ નથી લેતા, લીસેસ્ટરમાં મુસ્લિમ કટ્ટરપંથીઓએ એક હિન્દુ મંદિરમાં તોડફોડ કરી અને ભગવા ઝંડાને અપવિત્ર કર્યો. લીસેસ્ટર પોલીસે એક નિવેદનમાં આ જાણકારી આપી. લંડન સ્થિત ભારતીય હાઈ કમિશને હિન્દુ સમુદાય વિરુદ્ધ હિંસા અને તોડફોડની ઘટનાની નિંદા કરી છે. કમીશને પ્રશાસન સામે આ મામલો ઉઠાવ્યો છે અને અપરાધીઓને કડક સજાની માંગણી કરી છે. ઝંડો પાડવાની ઘટના પર પોલીસે કહ્યું કે અમે તે વીડિયોથી વાકેફ છીએ જેમાં એક વ્યક્તિ મેલ્ટન રોડ પર ધાર્મિક ઈમારત પરથી ઝંડો પાડતો જોવા મળી રહ્યો છે. આ મામલાની તપાસ થઈ રહી છે. ૨૮ ઓગસ્ટના રોજ એશિયા કપમાં ભારત જ્યારે પાકિસ્તાન સામે મેચ જીત્યું તો ત્યારબાદ હિંસાનો દોર સતત ચાલુ છે. બંને પક્ષના અલગ અલગ નિવેદનો મીડિયા સામે આવ્યા છે. મેચની રાતે જ લીસેસ્ટરના મેલ્ટન રોડ પર બે સમુદાયો વચ્ચે ઘર્ષણ થયું હતું. ત્યારબાદ ૮ લોકોની ધરપકડ કરાઈ હતી. લીસેસ્ટર શાયર પોલીસે પણ ઉપદ્રવીઓની આક્રમકતાનો સામનો કરવો પડ્યો. જેમાંથી કેટલાક લોકો ઘાયલ થયા.